# તાલી પાડીને સહુ બોલજો

(રાગ: તું તક તું તક તું તક તું પિયા, આઈ લવ યુ)

તાલી પાડીને સહુ બોલજો, જય જય પારસનાથ (૨)

દાદાના દરબારે બોલજો, જય જય પારસનાથ (૨)

તાલી પાડીને સહુ બોલજો, જય જય પારસના ...થ

કલિકાળનો કલ્પતરુ છે તારો મહિમા ભારી

તારા શરણે આવ્યા છે આ લાખો નર ને નારી

કલિકાળનો કલ્પતરુ છે તારો મહિમા ભારી

તારા શરણે આવ્યા છે આ લાખો નર ને નારી

તાલી પાડીને સહુ બોલજો, જય જય પારસનાથ (૨)

દાદાના દરબારે બોલજો, જય જય પારસનાથ (૨)

તારી મારી પ્રીત પૂરાણી જનમ જનમ નો નાતો

આજે તો કરવી છે મારે હૈયા કેરી વાતો

તારી મારી પ્રીત પૂરાણી જનમ જનમ નો નાતો

આજે તો કરવી છે મારે હૈયા કેરી વાતો

તાલી પાડીને સહુ બોલજો, જય જય પારસનાથ (૨)

દાદાના દરબારે બોલજો, જય જય પારસનાથ (૨)

તું છે મારો હું છુ તારો એવો મારો દાવો

ભક્તિ કરતા મુક્તિ પામું હૈયામાં છે લ્હાવો

તું છે મારો હું છુ તારો એવો મારો દાવો

ભક્તિ કરતા મુક્તિ પામું હૈયામાં છે લ્હાવો

તાલી પાડીને સહુ બોલજો, જય જય પારસનાથ (૨)

દાદાના દરબારે બોલજો, જય જય પારસનાથ (૨)

જય જય પારસનાથ (૪)

2016-03-22 -